




પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

now on Internet www.janfariyad.com

अब तो एक ही आग ''जन फरियाद''

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

તંત્રી : પ્રદિપ રાવલ

સાપ્તાહિક

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-26 ■ અંક-37 ■ તા. 11-09-2022 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk


# રાજસ્થાનમાં અમિત શાહે ૨૦૨૩ અને ૨૦૨૪ની ચૂંટણીમાં ભાજપને જીતાડવાની અપીલ કરી



જોધપુર,તા.૧૦

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે શનિવારે રાજસ્થાનના જોધપુરથી ચૂંટણી શંખ વગાડી દીધો છે. તેમણે અહીં દશેરા મેદાનમાં ભાજપના બૂથ સ્તરના કાર્યકરોની જાહેર સભાને સંબોધિત કરી હતી અને કોંગ્રેસ પર પ્રહારો કર્યા હતા. અમિત શાહે ૨૦૧૮માં કોંગ્રેસના ચૂંટણી વચનો યાદ કરાવ્યા અને ભારત જોડો પર પણ કટાક્ષ કર્યા. શાહે ૨૦૨૩ અને ૨૦૨૪ની ચૂંટણીમાં ભાજપને જીતાડવાની અપીલ કરી.

અમિત શાહ બે દિવસીય રાજસ્થાનના પ્રવાસે છે. તેમણે આજે જોધપુર વિભાગના 'બૂથ પ્રમુખ સંકલ્પ મહાસંમેલન'માં પાર્ટી કાર્યકર્તાઓને સંબોધિત કર્યા હતા. શાહે કહ્યું કે આજે રાજસ્થાનમાં જે પ્રકારે સરકાર ચાલી રહી છે તેનાથી આપણે બધા દુઃખી છીએ. રાજસ્થાનમાં ચાલી રહેલી સરકારે રાજયને વિકાસમાં પાછળ લઈ જવાનું કામ કર્યું છે. હાલ દેશમાં રાજસ્થાન અને છત્તીસગઢમાં કોંગ્રેસની સરકારો છે. ૨૦૨૩માં બંને રાજ્યોમાં ચૂંટણી છે. જો આ બંને રાજ્યોમાં ભાજપની સરકાર બનશે તો કોંગ્રેસ પાસે કંઈ બચશે નહીં.

શાહે કહ્યું કે હાલમાં જ રાહુલ બાબા ભારત જોડો યાત્રા લઈને નિકળ્યા છે. રાહુલ બાબા વિદેશી ટી-શર્ટ પહેરીને ભારતને જોડવા નીકળ્યા છે. હું રાહુલ બાબા અને કોંગ્રેસીઓને તેમણે સંસદમાં કહેલું ભાષણ યાદ કરાવું છું. રાહુલ બાબાએ કહ્યું હતું કે, ભારત રાષ્ટ્ર છે જ નહીં. અરે રાહુલ બાબા, તમે કયા પુસ્તકમાં વાંચ્યું છે? આ તે રાષ્ટ્ર છે જેના માટે લાખો લોકોએ બલિદાન આપ્યું છે. રાહુલ ભારતને જોડવા નીકળ્યા છે, મને લાગે છે કે તેમણે પહેલા ભારતનો ઈતિહાસ વાંચવો જોઈએ.

શાહે કહ્યું કે, ૨૦૧૮ની ચૂંટણી પહેલા રાહુલ ગાંધી અને અશોક ગેહલોતે અહીંના લોકોને મોટા મોટા વચનો આપ્યા હતા. હું પૂછવા માંગુ છું કે શું તે વચનોમાંથી કોઈ પૂર્ણ થયું છે? ગેહલોત સાહેબ, હું તમારા વચનો યાદ કરવા આવ્યો છું. ૨૦૧૮માં તમે રાહુલ બાબા સાથે તમે જે ખોટા વચનો આપ્યા હતા તે વચનો પાંચ વર્ષ પૂરા થવાના છે. ભાજપ એ વચનોનો હિસાબ માંગવા આવ્યો છે.

શાહે કહ્યું કે, ૧૦ દિવસમાં ખેડૂતોની લોન માફ કરવાનું શું થયું? યુવાનોને ૩૫૦૦ રૂપિયાના બેરોજગારી ભથ્થા આપવાનું શું થયું? ૨૦ લાખ યુવાનોને રોજગાર આપવાનું શું થયું? કોંગ્રેસ માત્ર પોકળ વચનો આપી શકે છે, તે વચનો પૂરા કરી શકતી નથી. તેમણે કહ્યું કે રાજસ્થાનમાં બેરોજગારીનો દર ૫.૪ થી વધીને ૩૨ ટકા થયો છે.તેમણે કહ્યું કે કોંગ્રેસ સરકાર વિકાસના કામ કરી શકતી નથી. રોડ બનાવી શકતી નથી, વીજળી આપી શકતી નથી, રોજગારી આપી શકતી નથી. કોંગ્રેસ વોટબેંકનું તુષ્ટિકરણ કરીને જ રાજનીતિ કરી શકે છે. શાહે કહ્યું કે, માત્ર ભાજપ જ વિકાસ કરી શકે છે. આ માટે તમારે ૨૦૨૩માં રાજયમાં બે તૃતિયાંશ બહુમતીની સરકાર બનાવવી પડશે. ૨૦૨૪માં તમામ સીટો જીતવી પડશે. તેમણે કહ્યું કે મોંઘી વીજળી માત્ર રાજસ્થાનમાં જ મળે છે, તેના માટે કોણ જવાબદાર છે.

તેમણે પૂછ્યું કે, ઉદયપુરમાં અમારા ભાઈ કન્હૈયાલાલની નિર્દયતાથી હત્યા કરવામાં આવી, શું તમે સહન કરશો? શું તમે કરૌલીની હિંસા સહન કરશો? શું હિન્દુ તહેવારો પર પ્રતિબંધ સહન કરશો? શું તમે અલવરમાં ૩૦૦ વર્ષ જૂના મંદિરને તોડી પડવાનું સહન કરશો? ભીલવાડાના રમખાણો તમે સહન કરશો? શું તમે વિજયા દશમીના આંદોલનને સહન કરશો, કાવડ યાત્રા પર રોક સહન કરશો ? તેમને કહો કે, રાજસ્થાન સંભાળી શકતા નથી તો પહેલા ગાદી છોડી દે, ભાજપ શાસન સંભાળવા તૈયાર છે. ઝાલાવાડમાં કૃષ્ણ વાલ્મીકિના મૃત્યુનો બદલો લેશે કે નહીં? ગેરકાયદે ખનન માફિયાઓએ સંત વિજયદાસની હત્યા કરી હતી.

આ પહેલા કેન્દ્રીય ગૃહમંત્રી શાહે જેસલમેરમાં તનોટ વિજય સ્તંભ ખાતે પુષ્પાંજલિ અર્પણ કરી હતી. તેમણે જેસલમેરના તનોટ રાય માતા મંદિરમાં પણ પ્રાર્થના કરી હતી. તેમણે કહ્યું કે મોદીજીએ રાજસ્થાનમાં ૧૯ કરોડ રૂપિયા ખર્ચીને તનોટ માના તીર્થસ્થાનને એક મોટું તીર્થ સ્થળ બનાવવાનો નિર્ણય કર્યો છે. તનોત માતાએ ૧૯૬૫-૭૧ના યુદ્ધમાં આપણી પશ્ચિમી સરહદોની સુરક્ષા કરી હતી.

### મહારાષ્ટ્રમાં ગણેશ વિસર્જન દરમિયાન ૧૯ મોત,

## માર્ગ અકસ્માતમાં ચાર લોકોના મોત થયા,શિંદે-ઉદ્ધવ જૂથના સમર્થકો વચ્ચે મારામારી

મુંબઇ,તા.૧૦

મહારાષ્ટ્રમાં ૧૦ દિવસ ઉજવાયેલા ગણેશ ઉત્સવની શુક્રવારે પૂર્ણાહુતી થઈ છે. જોકે શુક્રવારથી શરૂ થયેલી વિસર્જન પ્રક્રિયામાં ૧૯ લોકોએ જીવ ગુમાવ્યા છે. મહારાષ્ટ્ર પોલીસ અધિકારીઓએ શનિવારે આ માહિતી આપી હતી. તેમણે કહ્યું કે, રાજયના વિવિધ ભાગોમાં અલગ-અલગ ઘટનાઓમાં ૧૯ લોકોના મોત થયા છે, જ્યારે તેમાંથી ૧૪ લોકો મૂર્તિ વિસર્જન દરમિયાન ડૂબી જવાથી મૃત્યુ પામ્યા છે. આ સાથે માર્ગ અકસ્માતમાં ચાર લોકોના મોત થયા છે. જ્યારે વિસર્જન દરમિયાન યોજાયેલી ગણેશ આરતીમાં ઝાડ પડવાથી એક મહિલાનું મૃત્યુ થયું હતું. પોલીસ અધિકારીઓએ એમ પણ કહ્યું કે, આ સમયગાળા દરમિયાન ઘણી જગ્યાએ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ બગડી હોવાની ઘટનાઓ પણ સામે આવી છે. ઉલ્લેખનીય છે કે, રાજયમાં ગણેશ ઉત્સવ ૩૧ ઓગસ્ટથી શરૂ થયો હતો.

પોલીસના એક અધિકારીએ જણાવ્યું કે, ગણેશ વિસર્જન દરમિયાન વર્ધા જિલ્લાના સવાંગીમાં ત્રણ લોકોના મોત થયા હતા અને દેવલીમાં ડૂબી જવાને કારણે અન્ય એક વ્યક્તિનું મૃત્યુ થયું હતું, યવતમાલ જિલ્લામાં પણ મૂર્તિ વિસર્જન માટે ગયેલા બે લોકો તળાવમાં ડૂબી ગયા. ઉપરાંત અહેમદનગર જિલ્લાના સુપા અને બેલવંડી ખાતે અલગ-અલગ ઘટનાઓમાં બે લોકો ડૂબી ગયા હતા. ઉત્તર મહારાષ્ટ્રના જલગાંવ જિલ્લામાં અન્ય બે લોકોના મોત થયા હતા. પુણેના ગ્રામીણ ભાગોમાં ડૂબી જવાથી ત્રણ લોકોના મૃત્યુ પણ થયા છે, જેમાં ધુલે, સતારા અને સોલાપુર શહેરોનો સમાવેશ થાય છે.એક પોલીસ અધિકારીએ જણાવ્યું કે, ગણેશ વિસર્જન દરમિયાન ડૂબી જવાની ઘટના સાથે કેટલાક લોકો માર્ગ અકસ્માતમાં મૃત્યુ પામ્યા હતા. મહારાષ્ટ્રના નાગપુર શહેરના સકરદરા વિસ્તારમાં ગણેશ વિસર્જન દરમિયાન માર્ગ અકસ્માત થયો હતો. આ ઘટનામાં ચાર લોકોના મોત થયા હતા.

મહારાષ્ટ્રના થાણેમાં વરસાદ વચ્ચે કોલબાડ વિસ્તારમાં ગણેશ પંડાલ પર એક વૃક્ષ ધરાશાઈ થયું હતું. આ ઘટનામાં ૫૫ વર્ષીય મહિલાનું મોત થયું હતું તેમજ અન્ય ચાર લોકો ઘાયલ થયા હતા. પાલિકાના એક અધિકારીએ આ અંગે માહિતી આપી હતી. તેમણે કહ્યું કે શુક્રવારે રાત્રે ભગવાન ગણેશની મૂર્તિના વિસર્જન માટે આરતી કરવામાં આવી રહી હતી ત્યારે પંડાલ પર એક વિશાળ વૃક્ષ ધરાશાઈ થયું હતું.

દરમિયાન રાયગઢ જિલ્લાના પનવેલમાં ગણેશ વિસર્જનમાં જઈ રહેલા લોકોને વીજળીનો કરંટ લાગવાથી નવ વર્ષની બાળકી સહિત ઓછામાં ઓછા ૧૧ લોકો ઘાયલ થયા હતા. એક અધિકારીએ જણાવ્યું કે વાડઘર કોલીવાડામાં શુક્રવારે સાંજે પાવર જનરેટરનો કેબલ તૂટી જતાં આ ઘટના બની હતી. તેમણે કહ્યું કે આ ઘટનામાં ઘાયલ થયેલા ૧૧ લોકોમાં ચાર બાળકો પણ સામેલ છે. જે બાદ કેટલાક લોકોને ખાનગી હોસ્પિટલમાં અને બાકીના લોકોને પનવેલની સરકારી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા જયાં તેમની સારવાર ચાલી રહી છે.

રાજયના કેટલાક ભાગોમાં ગણેશ મૂર્તિઓના વિસર્જન દરમિયાન કાયદો અને વ્યવસ્થાની કેટલીક ઘટનાઓ પણ પ્રકાશમાં આવી હતી. અહમદનગર જિલ્લાના તોપખાના ખાતે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી એકનાથ શિંદે અને શિવસેના પ્રમુખ ઉદ્ધવ ઠાકરેના સમર્થકો વચ્ચે ઝપાઝપી થઈ હતી. એક પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે, જલગાંવમાં, ગણેશ વિસર્જન સરઘસ દરમિયાન કેટલાક લોકોએ મેયરના બંગલા પર પથ્થરમારો કર્યો હતો. આ ઉપરાંત, પુણે શહેર અને જિલ્લાના ગ્રામીણ ભાગ તેમજ ચંદ્રપુરમાં બે જૂથો વચ્ચે ઝપાઝપીના સામાન્ય બનાવો પણ નોંધાયા છે.

## પાકિસ્તાનમાં પૂરથી હાહાકારઃ ૧૨ લાખ ગર્ભવતી મહિલાઓનો જીવ જોખમમાં

ઈસ્લામાબાદ,તા.૧૦

પાકિસ્તાન વર્તમાન સમયમાં સૌથી મોટા સંકટનો સામનો કરી રહ્યું છે. આ દેશ પહેલાથી જ આર્થિક સંકટનો સામનો કરી રહ્યું છે અને હવે પૂરે મૂશ્કેલીમાં વધારો કર્યો છે. પાકિસ્તાનની એર-તૃત્યાંશ ભાગની જમીન પૂરના કારણે પાણીમાં ગરકાવ થઈ ગઈ છે. ચારે તરફ પાણી જ પાણી છે અને લોકો જીવ બચાવવા માટે સંઘર્ષ કરી રહ્યાં છે.



વિશ્વ સ્વાસ્થ સંગઠનની એક રિપોર્ટે પાકિસ્તાનને વધુ ડરાવી દીધું છે. રિપોર્ટ પ્રમાણે – પાકિસ્તાનમાં આવા બાળકોના જીવને જોખમ બતાવવામાં આવ્યું છે, જેમણે પૂરના સમયે જન્મ લીધું છે. નોંધનીય છે કે પૂરગ્રસ્ત વિસ્તારોમાં લોકોને મોટી સંખ્યામાં રાહત શિબિરમાં રાખવામાં આવ્યા છે. પરતું ત્યાં યોગ્ય ઉપલબ્ધ સ્વાસ્થ સુવિધાઓ ન હોવાથી તેમના જીવને ખતરો છે. ઉર્ઝ્ની રિપોર્ટ પ્રમાણે પાકિસ્તાનના સિંધ પ્રાંતમાં તો સ્વાસ્થ સિસ્ટમ સંપૂર્ણપણે ધરાશાઈ થઈ ગયું છે.

પાકિસ્તાનમાં પૂરના કારણે ૩૩ મિલિયનથી વધુ લોકો પ્રભાવિત થયા છે. વિશ્વ સ્વાસ્થ સંગઠને કહ્યું કે સૌથી વધુ ચિંતા ૧૨ લાખ ગર્ભવતી મહિલાઓની છે. જે વર્તમાન સમયમાં રાહત કેમ્પ્સમાં રહેવા મજબૂર છે. પાકિસ્તાનમાં વિનાશકારી પૂરના કારણે લગભગ ૧૦ ટકા જેટલી સ્વાસ્થ સુવિધા નષ્ટ થઈ ગઈ છે.

પ્રાપ્ત વિગતો અનુસાર – આગામી મહિના સુધીમાં પાકિસ્તાનમાં ૭૦ હજાર જેટલી મહિલાઓ વગર કોઈ ચિકિત્સક મદદ બાળકોને જન્મ આપશે. આ મહિલાઓ રાહત કેમ્પમાં છે અને તેમના સુધી મદદ પહોંચાડવી મૂશ્કેલ છે. આ કેમ્પમાં સાપસ મચ્છર તમામ અન્ય પ્રકારની મૂશ્કેલીઓ પણ છે.

## સિદ્ધૂ મુસેલાવાલા હત્યાકાંડમાં મોટી ધરપકડ, નેપાળ બોર્ડરથી પકડાયો શૂટર દીપક મુંડી

નવીદિલ્હી,તા.૧૦

સિદ્ધુ મુસેવાલા હત્યા કેસમાં પોલીસને મોટી સફળતા મળી છે. આ કેસમાં ફરાર થયેલા શૂટર દીપક મુંદીની પોલીસે ધરપકડ કરી છે. દીપક મુંડીની સાથે તેના બે સાથી કપિલ પંડિત અને રાજેન્દ્ર ઉર્ફે જોકરની પણ પશ્ચિમ બંગાળને અડીને આવેલી બોર્ડર પરથી ધરપકડ કરવામાં આવી હતી.

મળતી માહિતી મુજબ આ ત્રણેયની દિલ્હી પોલીસની સ્પેશિયલ સેલ અને પંજાબ પોલીસની એન્ટી ગેંગસ્ટર ટાસ્ક ફોર્સના સંયુક્ત ઓપરેશનમાં સિલિગુડી નજીકથી ધરપકડ કરવામાં આવી હતી. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, મુંડીની નેપાળ બોર્ડર પરથી ધરપકડ કરવામાં આવી છે અને તેને આવતીકાલે માણસા લાવવામાં આવે તેવી શક્યતા છે.



દીપક મુંડીની સાથે તેના બે સાથીઓ કપિલ પંડિત અને રાજેન્દ્ર જોકરની પણ પશ્ચિમ બંગાળના પોટરમાંથી ધરપકડ કરવામાં આવી હતી. આ હાઈપ્રોફાઈલ હત્યામાં સંડોવાયેલા ત્રણ શાર્પશૂટર પ્રિયવ્રત ફૌજી, અંકિત સેરસા અને કશિશ ઉર્ફે કુલદીપની દિલ્હી પોલીસે ધરપકડ કરી લીધી છે અને આ એન્કાઉન્ટરમાં બે શૂટરો માર્યા ગયા છે. સપ્ટેમ્બરની શરૂઆતમાં, આ હત્યાકાંડના એક શંકાસ્પદને અઝરબૈજાનમાં અને બીજા એકની કેન્યામાં અટકાયત કરવામાં આવી હતી.

સિદ્ધુ મુસેવાલાની ૨૯ મે ૨૦૨૨ના રોજ પંજાબના માણસા જિલ્લામાં ગોળી મારીને હત્યા કરી દેવામાં આવી હતી. ૨૫ ઓગસ્ટે પોલીસે મુસેવાલા હત્યા કેસમાં ૧૮૫૦ પાનાની ચાર્જશીટ દાખલ કરી હતી.

ચાર્જશીટમાં કુલ ૩૬ આરોપીઓમાંથી ૨૪ આરોપીઓના નામ છે. ૨૫ ઓગસ્ટે પોલીસે મુસેવાલા હત્યા કેસમાં ૧૮૫૦ પાનાની ચાર્જશીટ દાખલ કરી હતી. ચાર્જશીટમાં કુલ ૩૬ આરોપીઓમાંથી ૨૪ આરોપીઓના નામ સામે આવ્યા છે.

ચાર્જશીટ અનુસાર, મુસેવાલાની હત્યામાં કેનેડા સ્થિત કુખ્યાત અપરાધી ગોલ્ડી બ્રાર મુખ્ય કાવતરાખોર હતો અને તેણે આ ઘટનાને અંજામ આપવા માટે ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઇ અને જગ્ગુ ભગવાનપુરિયા અને કેટલાક અન્ય લોકોની મદદ લીધી હતી. ચાર્જશીટ અનુસાર, આરોપી લોરેન્સ બિશ્નોઇ, જગ્ગુ ભગવાનપુરિયા, સચિન ભિવાની, અનમોલ બિશ્નોઇ, સચિન થાપન, મોનુ ડાગર, પવન બિશ્નોઇ અને શૂટરો સાથે મળીને મૂસેવાલાની હત્યા કરવાનું કાવતરું ઘડ્યું હતું. તેણે રહેવા માટે હથિયારો, પૈસા, કાર, ફોન, સિમકાર્ડ અને અન્ય આરોપીઓની વ્યવસ્થા કરી હતી.


મહારાષ્ટ્રમાં ગણેશ વિસર્જન દરમિયાન ૧૯ મોત,

માર્ગ અકસ્માતમાં ચાર લોકોના મોત થયા,શિંદે-ઉદ્ધવ જૂથના સમર્થકો વચ્ચે મારામારી

મુંબઇ,તા.૧૦

મહારાષ્ટ્રમાં ૧૦ દિવસ ઉજવાયેલા ગણેશ ઉત્સવની શુક્રવારે પૂર્ણાહુતી થઈ છે. જોકે શુક્રવારથી શરૂ થયેલી વિસર્જન પ્રક્રિયામાં ૧૯ લોકોએ જીવ ગુમાવ્યા છે. મહારાષ્ટ્ર પોલીસ અધિકારીઓએ શનિવારે આ માહિતી આપી હતી. તેમણે કહ્યું કે, રાજયના વિવિધ ભાગોમાં અલગ-અલગ ઘટનાઓમાં ૧૯ લોકોના મોત થયા છે, જ્યારે તેમાંથી ૧૪ લોકો મૂર્તિ વિસર્જન દરમિયાન ડૂબી જવાથી મૃત્યુ પામ્યા છે. આ સાથે માર્ગ અકસ્માતમાં ચાર લોકોના મોત થયા છે. જ્યારે વિસર્જન દરમિયાન યોજાયેલી ગણેશ આરતીમાં ઝાડ પડવાથી એક મહિલાનું મૃત્યુ થયું હતું. પોલીસ અધિકારીઓએ એમ પણ કહ્યું કે, આ સમયગાળા દરમિયાન ઘણી જગ્યાએ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ બગડી હોવાની ઘટનાઓ પણ સામે આવી છે. ઉલ્લેખનીય છે કે, રાજયમાં ગણેશ ઉત્સવ ૩૧ ઓગસ્ટથી શરૂ થયો હતો.

પોલીસના એક અધિકારીએ જણાવ્યું કે, ગણેશ વિસર્જન દરમિયાન વર્ધા જિલ્લાના સવાંગીમાં ત્રણ લોકોના મોત થયા હતા અને દેવલીમાં ડૂબી જવાને કારણે અન્ય એક વ્યક્તિનું મૃત્યુ થયું હતું, યવતમાલ જિલ્લામાં પણ મૂર્તિ વિસર્જન માટે ગયેલા બે લોકો તળાવમાં ડૂબી ગયા. ઉપરાંત અહેમદનગર જિલ્લાના સુપા અને બેલવંડી ખાતે અલગ-અલગ ઘટનાઓમાં બે લોકો ડૂબી ગયા હતા. ઉત્તર મહારાષ્ટ્રના જલગાંવ જિલ્લામાં અન્ય બે લોકોના મોત થયા હતા. પુણેના ગ્રામીણ ભાગોમાં ડૂબી જવાથી ત્રણ લોકોના મૃત્યુ પણ થયા છે, જેમાં ધુલે, સતારા અને સોલાપુર શહેરોનો સમાવેશ થાય છે.એક પોલીસ અધિકારીએ જણાવ્યું કે, ગણેશ વિસર્જન દરમિયાન ડૂબી જવાની ઘટના સાથે કેટલાક લોકો માર્ગ અકસ્માતમાં મૃત્યુ પામ્યા હતા. મહારાષ્ટ્રના નાગપુર શહેરના સકરદરા વિસ્તારમાં ગણેશ વિસર્જન દરમિયાન માર્ગ અકસ્માત થયો હતો. આ ઘટનામાં ચાર લોકોના મોત થયા હતા.

મહારાષ્ટ્રના થાણેમાં વરસાદ વચ્ચે કોલબાડ વિસ્તારમાં ગણેશ પંડાલ પર એક વૃક્ષ ધરાશાઈ થયું હતું. આ ઘટનામાં ૫૫ વર્ષીય મહિલાનું મોત થયું હતું તેમજ અન્ય ચાર લોકો ઘાયલ થયા હતા. પાલિકાના એક અધિકારીએ આ અંગે માહિતી આપી હતી. તેમણે કહ્યું કે શુક્રવારે રાત્રે ભગવાન ગણેશની મૂર્તિના વિસર્જન માટે આરતી કરવામાં આવી રહી હતી ત્યારે પંડાલ પર એક વિશાળ વૃક્ષ ધરાશાઈ થયું હતું.

દરમિયાન રાયગઢ જિલ્લાના પનવેલમાં ગણેશ વિસર્જનમાં જઈ રહેલા લોકોને વીજળીનો કરંટ લાગવાથી નવ વર્ષની બાળકી સહિત ઓછામાં ઓછા ૧૧ લોકો ઘાયલ થયા હતા. એક અધિકારીએ જણાવ્યું કે વાડઘર કોલીવાડામાં શુક્રવારે સાંજે પાવર જનરેટરનો કેબલ તૂટી જતાં આ ઘટના બની હતી. તેમણે કહ્યું કે આ ઘટનામાં ઘાયલ થયેલા ૧૧ લોકોમાં ચાર બાળકો પણ સામેલ છે. જે બાદ કેટલાક લોકોને ખાનગી હોસ્પિટલમાં અને બાકીના લોકોને પનવેલની સરકારી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા જયાં તેમની સારવાર ચાલી રહી છે.

રાજયના કેટલાક ભાગોમાં ગણેશ મૂર્તિઓના વિસર્જન દરમિયાન કાયદો અને વ્યવસ્થાની કેટલીક ઘટનાઓ પણ પ્રકાશમાં આવી હતી. અહમદનગર જિલ્લાના તોપખાના ખાતે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી એકનાથ શિંદે અને શિવસેના પ્રમુખ ઉદ્ધવ ઠાકરેના સમર્થકો વચ્ચે ઝપાઝપી થઈ હતી.

# તંત્રી લેખ

## સીટ બેલ્ટનો કાયદો માત્ર કાગળ પર જ ન રહી જાય!

*ભારતમાં મોટી સમસ્યા એ છે કે કોઈપણ નિયમ કે કાયદાનું મહત્ત્વ ત્યારે જ સમજાય છે જ્યારે કોઈ મોટી દુર્ઘટના સર્જાય છે. આપણે ત્યાં કારમાં આગળની સીટ પર બેઠેલા લોકોએ સીટ બેલ્ટ પહેરવો ફરજિયાત છે તો પાછળની સીટ પર બેસનારા લોકો માટે પણ સીટ બેલ્ટ ફરજિયાત છે. આ કારણ જ દરેક કારમાં પાછળની સીટ પર બેસનારા લોકો માટે પણ સીટ બેલ્ટ હોય છે પણ એ પહેરવો ફરજિયાત નથી એવી માન્યતાના કારણે સીટ બેલ્ટ શોભાના ગાંઠિયાની જેમ પડી રહે છે. આ ગંભીર બાબતે સરકારના જવાબદાર વિભાગ કે તેના સત્તાધીશો દ્વારા પણ ઉદાસીનતા સેવવામાં આવી છે.*

*પાંચેક દિવસ પહેલા તાતા સન્સના ભૂતપૂર્વ ચેરમેન સાયરસ મિસ્ત્રીનું કાર અકસ્માતમાં નિધન થયું. સાયરસ મિસ્ત્રી પૂરઝડપે ભાગી રહેલી કારમાં પાછળની બેઠક પર બેઠા હતાં પણ સીટ બેલ્ટ નહોતો પહેર્યો તેથી એર બેગ ના ખૂલી અને તેમનું નિધન થયું. આગળની સીટ પર બેઠેલા બન્ને લોકોએ સીટ બેલ્ટ પહેરેલો તેથી એરબેગ ખૂલી ગઈ તેમાં બચી ગયા.*

*સાયરસ મિસ્ત્રીના નિધનના પગલે કેન્દ્ર સરકારને યાદ આવ્યું કે કારમાં પાછળની સીટ પર બેઠેલા લોકો માટે પણ સીલ્ટ બેલ્ટ પહેરવો ફરજિયાત છે. આથી આ પ્રકારના અકસ્માતો અટકાવવા સરકારે બહુ મોટો નિર્ણય લેતા હોય એમ જાહેર કર્યું કે, હવેથી ગાડીમાં સવાર દરેક લોકોએ સીટ બેલ્ટ બાંધવો ફરજિયાત રહેશે. કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ એલાન કરી દીધું કે તમે આગળની સીટ પર બેઠા હો કે પાછળની સીટ પર બેઠા હો, હવે સીટ બેલ્ટ બાંધવો ફરજિયાત રહેશે. સીટ બેલ્ટ નહીં પહેર્યો હોય તો આકરો દંડ થશે.*

*જો કે ગડકરીની આ જાહેરાત હાસ્યાસ્પદ છે. કેમ કે આ નિયમ તો પહેલેથી જ છે. કેન્દ્રીય મોટર વાહન નિયમ (૧૯૮૯)ની કલમ ૧૩૮(૩) અનુસાર કારમાં તમામ બેઠકો પર સીટ બેલ્ટ આપવામાં આવે છે કે જે લગાવવો જરૂરી છે. ફાઈવ સીટર કારમાં પાછળ બેસતા લોકોએ સીટ બેલ્ટ પહેરવો જરૂરી છે તો ૭ સીટર કારમાં પાછળ બેઠેલા લોકોમાંથી જેમના ચહેરા સામેની બાજુ હોય તો તેમણે કાર ચાલતી હોય ત્યારે બેલ્ટ પહેરવો જરૂરી છે. આ કાયદાનું પાલન ન કરનારને દંડ પણ થાય છે.*

*૨૦૧૯માં ભારતમાં મોટર વાહન સંશોધન અધિનિયમ ૨૦૧૯માં ફેરફાર કરીને સીટ બેલ્ટ નહીં પહેરનારને દંડની રકમ રૂા. ૧૦૦થી વધારીને રૂા. ૧૦૦૦ કરાઈ હતી. આપણાં દેશમાં મોટા ભાગના લોકો સીટ બેલ્ટ બાંધવાનું ટાળે છે તેથી તેમને ખબર ના હોય એ સમજી શકાય પણ સરકારના જવાબદાર વિભાગે પણ કાયદાના ચુસ્ત પાલન માટે લોકોને ફરજ પાડી નથી. ગડકરીએ તો એવું પણ એલાન કર્યું કે નવા નિયમ અંગે ત્રણ દિવસમાં સત્તાવાર રીતે આદેશ બહાર પાડી દેવાશે. જે કાયદો પહેલેથી અમલી છે તેના અંગે નવી જાહેરાત કરવાની વાત કેટલી યોગ્ય છે?*

*જો કે સીટ બેલ્ટ ફરજિયાત અગાઉથી અમલમાં હોવા છતાંયે તે નિયમનું મોડે મોડે પણ કડક પાલન માટે સરકાર એલાન કરે તો તે પણ લોકોના ફાયદામાં જ છે. ભારતમાં વધી રહેલા અકસ્માતો અને તેના કારણે વધી રહેલા મોત જોતા લોકોની સલામતી માટે જે પણ કરાય તેને આવકારવું જોઈએ. આ વાત લોકોના ફાયદાની છે તેના કારણે થોડાંક લોકોના પણ જીવ બચતા હોય તો કહેવાતી નવી જાહેરાત લેખે લાગશે.*

*ભારતમાં વાહન અકસ્માતોની ઘટનાઓ બનતી રહેતી હોવા સાથે મોટા પ્રમાણમાં લોકો તેના કારણે મરે છે. ભારતમાં દર વર્ષે પલ્ લાખ અકસ્માતો થાય છે અને તેમાં અંદાજે દોઢ લાખ લોકો મૃત્યુ પામે છે. તેમાં પણ ૬૫ ટકાનો તો યુવાનો હોય છે. અકસ્માતના કારણે થતાં મોતમાં ભારત મોખરે છે. ભારત પછી બીજા નંબરે ચીન છે. ચીનમાં ૫૬ હજારની આસપાસ લોકો અકસ્માતમાં મરે છે.*

*આ અકસ્માતો થવાના ઘણાં કારણો છે. તેમાં મુખ્ય કારણ કાયદાનો ડર નહીં હોવાના કારણે કરાતું બેફામ ડ્રાઈવિંગ છે. દારૂ પીને વાહન ચલાવવું, મોબાઈલ પર વાત કરતાં વાહન ચલાવવું કે સીટ બેલ્ટ ન બાંધવાના કારણે પણ મોટા પ્રમાણમાં રોડ એક્સિડન્ટ થઈ રહ્યાં છે અને તેમાં પણ ઘણાં લોકોના મોત નીપજે છે. જે લોકો આવી હરકતો કરે છે તેમને કઈ રીતે રોકવા એ મોટો સવાલ છે પણ કમ સે કમ તેમણે સીટ બેલ્ટ બાંધ્યા હોય તો મરે નહીં તેમાં મીનમેખ નથી. આ કારણે પણ આ નિયમ આવકારવા જેવો છે. જોકે આપણે ત્યાં તકલીફ એ છે કે સરકાર નિયમ બનાવી નાખે છે પણ પછી વિરોધ થતાં કે તેની રાજકીય રીતે ખરાબ અસર પડશે એવું લાગે છે એટલે પાણીમાં બેસી જાય છે.*

## અમદાવાદમાં કડાકાભડાકા સાથે વરસાદ, ભારે પવન સાથે બપોર બાદ અચાનક રાત જેવું અંધારું છવાયું

અમદાવાદ,તા.૧૦

આજે રાજ્યમાં કેટલાંક ઠેકાણે ભારેથી મધ્યમ અને હળવા વરસાદની આગાહી કરવામાં આવી છે. ત્યારે શનિવારે બપોર બાદ સાડાચાર વાગ્યા બાદ વરસાદી માહોલ છવાયો હતો. જોતજોતાંમાં ધોધમાર વરસાદ વરસવા લાગ્યો હતો. કાળાં ડિબાંગ વાદળ શહેરભરમાં છવાઈ જતાં અંધકાર છવાયો હતો અને વિઝિબિલિટી ઘટી ગઈ હતી. તો હાઈવે પર પસાર થતા વાહનચાલકોને વિઝિબિલિટી ઘટતાં હેડલાઈટ ચાલુ કરવાની ફરજ પડી હતી.

વિજળીના ચમકારા સાથે વરસાદ તુટી પડયો હતો અમદાવાદ શહેરના મકરબા, સરખેજ, એસજી હાઈવે, સેટેલાઈટ, જોધપુર, વેજલપુર, બોડકદેવ, બોપલ, મણિનગર, ઈસનપુર, બાપુનગર, વસ્ત્રાલ, નરોડા, રાણીપ, સાબરમતી, ચાંદખેડા સહિતના વિસ્તારોમાં વરસાદ પડી રહ્યો છે. દિવસભર ઊકળાટભર્યું વાતાવરણ રહ્યું હતું અને ઢળતી સાંજે કડાકાભડાકા સાથે વરસાદ વરસ્યો હતો.ભારે વિજળી અને અંધારાને કારણે બાળકોમાં ભય ફેલાઇ ગયો હતો જો કે વાતાવરણમાં ઠંકક પ્રસરી ગઇ હતી અને હીલ સ્ટેશન જેવું વાતાવરણ ઉભુ થયું હતું

હવામાન વિભાગ દ્વારા ૪૦ કિલોમીટર પ્રતિ કલાક્ની ઝડપે પવનો સાથે વરસાદ પડવાની સંભાવના વ્યક્ત કરાઈ છે. અમદાવાદ સિવાય ગાંધીનગરમાં પણ ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. બનાસકાંઠાના વાતાવરણમાં પલટો આવતાં પાલનપુર, વડગામમાં ધીમી ધારે વરસાદ શરૂ થઈ ગયો હતો.

# આન્યા મૃણાલ -પ્રકરણ ૮ /રાજુલ કૌશિક

મૃણાલ ઑફિસમાં પ્રવેશી ત્યારે કાચની કેબીનમાંથી દૂરથી જ કૈરવે જોઈ. પોતાની કેબિનની નજીક આવે તે પહેલાં કૈરવ એની રિવોલ્વિંગ ચેરમાં ટટ્ટાર થયો. ટાયની નૉટ જરા સરખી કરી. સી.જી રોડની ફર્સ્ટ ફ્લોરની આ આખી એરકંડિશન ઑફિસમાંથી અજય ટેક્સટાઇલ અને ગ્રુપ ઓફ અજય ઇન્ડસ્ટ્રિઝનું સંચાલન કૈરવ કરતો આવ્યો હતો. બાજુની ઑફિસ પરની નેમ પ્લેટ પર ચીફ એડવાઈઝર એન્ડ મેનેજિંગ ડિરેક્ટર અજય શેઠના નામની તકતી હતી. કૈરવની કેબીનની બહાર કાળી નેમ પ્લેટ પર ગોલ્ડન અક્ષરે ચેરમેન ઓફ અજય ટેક્સટાઇલ અને ગ્રુપ ઓફ અજય ઈન્ડસ્ટ્રિઝની તકતી દુરથી દેખાતી હતી તેમ છતાં મૃણાલે એન્ટર થતા જમણા હાથે બેઠેલી રિસેપ્શનિસ્ટને કૈરવ માટે પૂછ્યું. મૃણાલને આવતી જોઈને કૈરવે એને સૂચના આપી દીધી હતી એ મુજબ બ્લેક સ્કર્ટ અને બ્લ્યુ શર્ટ પર બ્લેક સિલ્કનો સ્કાર્ફ ધારણ કરેલી સ્માર્ટ હસમુખી છોકરી એ આંગળી ચીંધીને મૃણાલને કૈરવની કેબિન બતાવી. બીજી મિનિટે મૃણાલ કૈરવની ઓફિસમાં હતી અને એની પછીની દસમી મિનિટે એ




એના એપોઈન્ટમેન્ટ લેટર પર સાઇન કરી રહી હતી.

પોતાનુ ધાર્યુ બીજા પાસે કરાવવાની કૈરવમાં આવડત હતી. વાતો દલીલો અને કુનેહભરી સમજાવટથી એ સૌના દિલ જીતવામાં સફળ રહેતો અને આજે પણ એ મૃણાલને સમજાવવામાં સફળ રહ્યો હતો. મૃણાલની હા પછી કૈરવે સ્ટુડિયો ઊભો કરવા માટે જે જરૂરી તૈયારીઓ કરવાની હતી એ એણે કરવા માંડી. પ્રાઇમ લોકેશન પર બે માળનો સ્ટુડિયો કરવા માટે એણે શહેરના શ્રેષ્ઠ ઇન્ટિરીયરને હાયર કર્યા હતા. નીચેના ફ્લોર પર એન્ટર થતા ડ્રેસિસનું ડિસ્પ્લે અને ઉપરના ફ્લોર પર મૃણાલની ડિઝાઈનર ઑફિસ જેમાં બેસીને મૃણાલે એની કલ્પના મુજબ એક્સક્લ્યુઝિવ ટ્રેન્ડી વસ્ત્રો ડિઝાઈન કરવાના.ફ્લોરના બાકીના હિસ્સામાં વર્કશોપ. જોતજોતામાં પ્રાઈમ લોકેશનનો આ અદ્યતન "જસ્ટ ફોર યુ" નામનો ક્લાસિક સ્ટુડિયો ટેસ્ટ ધરાવતા ક્લાયન્ટમાં હોટ ફેવરિટ બની ગયો.

કૈરવ જાણે એના પ્રોફેશનનો એક ભાગરૂપે હોય એમ સ્ટુડિયો પર અવારનવાર મુલાકાત લેતો.. શાંત અને સ્વભાવિક લાગતી મૃણાલ જોડે એ કોઈ ઉતાવળું પગલું ભરવા માંગતો નહોતો. આજ સુધી એવું જ બન્યું હતું કે કૈરવને ઓળખતી છોકરીઓ કૈરવની દોસ્તી માટે સામેથી હાથ લંબાવતી જ્યારે મૃણાલ કૈરવ સાથે પ્રોફેશનલ એપ્રોચથી આગળ વધતી જ નહોતી. અંદરથી ખૂબ ચટપટી હોવા છતાં કૈરવને ધીરજ જ રાખવી પડતી હતી. એ પણ જાણે પ્રોફેશનલ અભિગમ સાથે જ મૃણાલને મળતો હોય એવી સ્વભાવિકતા દર્શાવતો. એ પોતાની ઈમ્પ્રેશન જરાય ખરડાય એવુ પગલું લેવા માંગતો નહોતો.

બે વીક, બે મહિનાપઅને એક દિવસ એને જરાક આગળ વધવાનો મોકો મળી ગયો. નવેમ્બરમાં દિવાળી અને એ પછી ડિસેમ્બરમાં શરૂ થતી લગ્ન સીઝનમાં કામ પુષ્કળ વધી ગયુ એક તો ટ્રેન્ડી એથ્નિક લૂક અને શો રૂમના બદલે સ્ટુડિયો કહેવાતા આ " જસ્ટ ફોર યુ" એ તો હંગામો મચાવી દીધો. સવારે દસ વાગ્યાથી શરૂ થતો સ્ટુડિયો સાંજે આઠ વાગે બંધ થતો પણ આ દિવસો દરમ્યાન કામ ખૂબ રહેવા માંડ્યું.

એ ન . આ ર . આ ઇ ની મુલાકાતો અને માંગને પહોંચી વળવા મૃણાલે પણ વધુ ને વધુ સમય આપવાનું ચાલુ કર્યુ. એ સવારે દસના બદલે આઠ વાગે પહોંચી જતી અને એની વર્કશોપની ટીમને પણ વહેલી બોલાવી લેતી. આ નિર્ણય મૃણાલે કૈરવને જાણ કરીને લીધો હતો. કૈરવ ખુશ હતો અને એની આ ખુશી તક મળે મૃણાલ પાસે વ્યક્ત કરવામાં પાછો નહોતો પડતો. આ આખાય સમયનો યશ એ મૃણાલને ચોક્કસ આપતો. એ એકલીને મળે ત્યારે અને જાહેરમાં પણ.

"જોયું મૃણાલ હું નહોતો કહેતો કે હીરાની પરખ એક ઝવેરી જ કરી જાણે? એક ફેશનરના આઇડીયા યંગસ્ટર્સને જેટલા સ્પર્શે એટલા અનુભવી ઓલ્ડ ફેશન ડિઝાઇનરના ના જ ગમે.."

મિસ મૃણાલ પરથી એ ક્યારે મૃણાલ પર આવીને અટક્યો હતો? એની નોંધ તો મૃણાલે પણ નહોતી લીધી અને કૈરવ તો આવી નાની નાની બાબતને ક્યાંય બાજુમાં મૂકીને આગળ વધતો રહેતો.

"કેમ? ટ્રેન્ડી લૂક ઓલ્ડ ફેશનને જ આભારે નથી? ઓલ્ડ ઈઝ ગોલ્ડ એ જ અભિગમ અપનાવીને તો ડિઝાઈન કરુ છું."

"વાત તમારી ય સાચી છે અને મારી પણ. પણ એક વાત કહેવી પડશે મારે એક નવો જ ટ્રેન્ડ ઉભો કરવાનો યશ તો તમને જ આપવો જોઈએ." ખરેખર સીઝન પત્યા પછી સ્ટુડિયોની સફળતાના માનમાં કૈરવે એક શાનદાર પાર્ટીનું આયોજન કર્યુ. આ પાર્ટીમાં મૃણાલથી માંડીને મેનેજર અને વર્કર સૌને એક સરખું મહત્વ આપ્યું જે મૃણાલને સ્પર્શી ગયું.

"પપ્પાએ શરૂઆતથી કહ્યું હતું કે, બિઝનેસની સફળતા માત્ર એના ફેલાવાથી માપી ન લેવાય. એનો પાયો મજબૂત હોવો જોઈએ અને આ પાયો એટલે કે ઇન્ડસ્ટ્રિમાં કામ કરતા મેનેજરથી માંડીને નાનામાં વર્કરનો સંતોષ. મેં પણ આ સિધ્ધાંત સ્વીકાર્યો છે.પપ્પાની કહેલી દરેક વાતો સોનાની લકીર જેવી છે .આ સોનાની લકીરને કેમ ટાળી શકાય? પપ્પાના અનુભવે તો હું ઘડાયો છું ને? "

કૈરવે એક કાંકરે બે પક્ષી પાડ્યા. એક તો એ પપ્પાને એ ખૂબ માન આપે છે એ જાહેર કરીને અને એની ઈન્ડસ્ટ્રિના નાનામાં નાના વર્કરનું મહત્વ સમજે છે, એક સરખું માન આપે છે એ દર્શાવીને મૃણાલની નજરમાં ઊંચો બની ગયો. કૈરવની આ સલુકાઈ ધીમે ધીમે મૃણાલને સ્પર્શતી ગઈ અને કૈરવ માટે મૃણાલ સુધી પહોંચવાનો સુંવાળો રસ્તો બનતો ગયો.

હવે મૃણાલ કૈરવની વાતોમાં દિલચશ્પી લેતી થઈ. કૈરવની સાથે જરા છુટથી, જરા મોકળાશથી વર્તતી થઈ. કૈરવ માટે તો સોનાનો સમય હતો. ક્યારેક સ્ટુડિયો પરથી નીકળ્યા પછી કૈરવ સાથે કોફી માટે રોકાતી થઈ. ધીમે ધીમે એને પણ કૈરવ માટે એક જાતનો લગાવ ઊભો થતો ગયો જે લગ્નના પ્રસ્તાવ સુધી પહોંચ્યો.

રાજુલ કૌશિક

## 'વર્ષ ૨૦૨૪માં દેશમાં ખીચડી સરકાર અને કમજોર પ્રધાનમંત્રી બનવા જોઈએ,' ઔવેસી

અમદાવાદ,તા.૧૦

ગુજરાત વિધાન સભાની ચૂંટણી નજીક આવતા રાજકીય નેતાઓના ગુજરાતના આંટાફેરા વધી ગયા છે. તેમાં એક નામ ઉમેરાયું છે AIMIM પાર્ટીના નેતા અસદુદ્દીન ઓવૈસીનું. જોકે અત્યારથી વર્ષ ૨૦૨૪માં કોણ સરકાર બનાવશે તે માટે પણ પક્ષોએ મંથન શરૂ કર્યું છે. આજે અમદાવાદ આવેલા ઓવૈસીએ પત્રકાર પરિષદ દરમિયાન એક મહત્વનું નિવેદન આપ્યું હતું. તેઓ વર્ષ ૨૦૨૪માં ખીચડી સરકાર બને અને કમજોર પ્રધાનમંત્રી બને તેવું ઈચ્છી રહ્યા છે. ત્યારે એ જાણવું જરૂરી છે કે, અસદુદ્દીન ઓવૈસીએ આવું કેમ કહ્યું હશે તેના પાછળનું કારણ શું છે.

એક તરફ ગુજરાત વિધાનસભાની ચૂંટણી નજીક આવી રહી છે ત્યારે હાલમાં વિવિધ પાર્ટીઓ દ્વારા વચનોની ભરમાર ચાલી રહી છે અને પ્રધાનમંત્રી આવા વાયદાઓને રેવડી કલચર ગણાવી ચૂક્યા છે, ત્યારે અસદુદ્દીન ઓવૈસી રેવડી કલ્ચર મુદ્દે નિવેદન



આપતા જણાવ્યું કે, આવા નેતાઓ ચૂંટણી આવે ત્યારે વાયદા કરે છે. ચૂંટણી પતિ જાય પછી તે વાયદા ભુલાય જાય છે.

જનતાને આકાશમાંથી તારા તોડી લાવવાની વાતો કરે છે અને પછી તેઓ પણ નજર નથી આવતા અને તારાઓ પણ નજર નથી આવતા. આવા વાયદા કરવા કરતાં પ્રેક્ટિકલી જે થઈ શકે કરવું જોઈએ.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ૨૦૧૪માં ૨ કરોડ યુવાઓને નોકરી આપવાનું વચન આપ્યું હતું. કોર્પોરેટસના દેવા માફ, ટેક્સ માફ થઈ જાય છે. તો વળી વર્ષ ૨૦૨૪ માટે વિપક્ષ એક થઈ રહ્યા છે તે મુદ્દે નિવેદન આપતા તેમણે જણાવ્યું કે, ૨૦૨૪માં ખીચડી સરકાર બને તેવું હું ઈચ્છુ છુ અને કમજોર પ્રધાનમંત્રી બને તેવું ઈચ્છુ છુ. કારણ કે જવાહરલાલ નહેરુ પછી જો કોઈ તાકતવર નેતા હોય તો તે નરેન્દ્ર મોદી છે.

પણ તાકતવર નેતા તાકતવર લોકોની જ મદદ કરે છે અને કમજોર નેતા કમજોર લોકોની મદદ કરે છે. ત્યારે હું ઈચ્છું કે કમજોર પ્રધાનમંત્રી બને. ગુજરાત વિધાનસભાની ચૂંટણી મામલે તેમણે કહ્યું કે,AIMIM આખા ગુજરાતમાં ચૂંટણી લડશે. પણ કેટલી બેઠક પર ચૂંટણી લડશે તે ગુજરાત પ્રદેશ પ્રમુખ સાબીર કાબલી વાલા નક્કી કરશે.

## ગુજરાતનો સિંહ દિલ્હી પહોંચ્યો પણ દિલ્હીથી અહીં કાંચિડો આવી રહ્યો છેઃ કપિલ મિશ્રા

અમદાવાદ,તા.૧૦

ગુજરાતની આગામી વિધાનસભા ચૂંટણીને લઈને રાજકીય પક્ષોમાં એકબીજા પર આક્ષેપ-પ્રતિઆક્ષેપનો સિલસિલો શરૂ થઈ ગયો છે. ત્યારે ભાજપ નેતા કપિલ મિશ્રાએ આમ આદમી પાર્ટી ઉપર ગંભીર આક્ષેપ કર્યા હતા. કપિલ મિશ્રાએ આક્ષેપ કરતા કહ્યું કે, આમ આદમી પાર્ટીએ દિલ્હીમાં માત્ર વાયદા કર્યા પણ કામગીરી કરી નહીં. ગુજરાતમાં પણ આમ આદમી પાર્ટી માત્ર વચનોની લ્હાણી કરી રહી છે.

આપ ઉપર આડકતરો કટાક્ષ કરતા કપિલ મિશ્રાએ કહ્યું કે, દિલ્હીમાં ગુજરાતનો સિંહ આવ્યો પણ આજકાલ હું જોવું છું કે દિલ્હીથી અહીં કાંચિડો આવી રહ્યો છે. રાષ્ટ્રવાદ ભારતની રાજનીતિનું કેન્દ્ર બને તે માટેનો વિચાર પણ નહતો કરવામાં આવતો. વિકાસના નામે વોટ મળવાની શરૂઆત માત્ર ગુજરાતમાં થઈ છે. પહેલા એવું લાગતું હતું કે, ભ્રષ્ટાચાર દૂર નહીં થાય પણ ભ્રષ્ટાચારને દૂર કરવાનું સપનું જોવડાવ્યું અને ત્યારબાદ તેને પુરા કરવાનું કામ ગુજરાતના દીકરાઓએ કર્યું.

ગુજરાતમાં ૨૦૦૨ બાદ રમખાણો થવાના બંધ થયા અને આજે ગુજરાત એક મોડલ છે. દિલ્હી પણ મોડેલ છે. ૨૦૧૫ પછી રમખાણો થવાનું મોડેલ છે. દિલ્હીના લોકો ગુજરાતમાં પથ્થર ફેંકવાનું મોડેલ ફોલો કરી રહ્યા છે. જેમના નિશાના ઉપર પ્રધાનમંત્રી છે. હું સવાલ પૂછું છું કે, દિલ્હીમાં ૭ વર્ષમાં એવી એકપણ શાળા દેખાડો જેનો પાયો નખાયો હોય. ૭ વર્ષ પહેલા ૯૯ ટકા પરિણામ આવતું હતું પણ ગત વર્ષે ૮૭ ટકા પરિણામ આવ્યું છે. આ છે દિલ્હીનું મોડેલ. ૪૦ ટકા વિદ્યાર્થી ધોરણ ૯ અને ૧૧ માં નાપાસ કરવામાં આવે છે. જેથી ધોરણ ૧૦ અને ૧૨ નું પરિણામ ઓછું ન દેખાય.

ગુજરાતમાં હીરા વેચનારાઓ સાથે છેતરપિંડી કરવામાં આવી રહી છે. તેમને કહેવામાં આવી રહ્યું છે કે, દિલ્હીમાં ૧૦ લાખ નોકરી આપી પણ મેં કરેલી ઈંર્ માં મને જાણવા મળ્યું કે, ૭ વર્ષમાં માત્ર ૩ હજાર નોકરી આપવામાં આવી છે. ૩ હજાર નોકરી આપવાવાળા ૧૦ લાખ દેખાડનારા લોકો બીજે ક્યાંય પણ ચાલી શકે છે પરંતુ ગુજરાતમાં નહીં ચાલી શકે. હું થોડા સમય પહેલા દિલ્હીના ચાણક્યપુરીમાં ગયો હતો. ત્યાં દુનિયાના એમ્બેસડર રહે છે. તેમની સામે સંજય વસ્તી રહે છે. ત્યાં ૧૫ દિવસથી પાણી નથી. વીજળી નથી. તે જ દિવસે સુરતમાં ભાષણ આપી રહ્યા છે કે, સુરતમાં વીજળી ફ્રીમાં આપીશું.

દિલ્હીમાં ૧૦ થી ૧૨ લોકો દર વર્ષે ટેક્કર ઉપર પાણી લેવા ચઢતા સમયે મૃત્યુ પામે છે. જે સમયે દેશમાં ઓક્સિજન શોધવામાં આવી રહ્યું હતું તે સમયે દિલ્હીમાં દારૂની દુકાનો ખોલવામાં આવી રહી હતી. તમારા સમયમાં બનેલી એક શાળા, એક બ્રીજ, એક સ્કૂલ અને એક હોસ્પિટલનું નામ આપો.

ત્રણ દિવસ પહેલા આપના પ્રવક્તા રાઘવ ચઢ્ઢાએ કહ્યું હતું કે લવ જેહાદ જેવું કંઈ નથી.

ત્યારે રાઘવજીના આ નિદવેન પર કપિલ મિશ્રાએ નિશાન સાધતા કહ્યું હતું કે, સમસ્યા છે તો માનો તો ખરા. ગુજરાતમાં તો રાત્રે નવરાત્રીની ઉજવણી થયા છે ત્યારે તમામના આઈકાર્ડ ચેક થયા છે.

ગોપાલ ઇટાલિયાનું નામ લઇ કપિલ મિશ્રાએ આક્ષેપ કર્યો હતો કે, કથામાં તાડી પાડનારા 'હીજડા' હોય તો દેશના જવાનો સામે પ્રશ્ન ઉભા કરનારા કોણ હોય? એર સ્ટ્રાઈકના પુરાવા માંગનારાની પાછળ ઉભા રહી તાળીઓ પાડનારા કોણ હોય? સેના સામે પ્રશ્ન કરનારાની સાથે ઉભા રહેનાર દેશના ગદ્દાર છે.

ગોપાલ ઇટાલીયા ગદ્દાર સાથે છે.

## મુખ્યમંત્રી ભગવંત માનના નેતૃત્વમાં છેલ્લા ૫ મહિનામાં આપ સરકારે ૧૭ હજારથી વધુ યુવાનોને નોકરીઓ આપી

ચંડીગઢ,તા.૧૦

પંજાબમાં આમ આદમી પાર્ટી (આપ)ની સરકાર બન્યા બાદ ઝડપથી નોકરીઓનું સર્જન થવા લાગ્યું છે.

મુખ્યમંત્રી ભગવંત માનના નેતૃત્વમાં છેલ્લા ૫ મહિનામાં આપ સરકારે ૧૭ હજારથી વધુ યુવાનોને નોકરીઓ આપી છે. મુખ્યમંત્રી ભગવંત માને ખુદ યુવાનોને નોકરીના નિમણૂક પત્રો આપ્યા હતા.

છછઁ નેતાઓનું કહેવું છે કે ૧ એપ્રિલથી રાજયમાં ૪૮ વિભાગોમાં ભરતી કરવામાં આવી છે.

મુખ્ય પ્રધાન ભગવંત માન દ્વારા કહેવામાં આવ્યું હતું કે તેમની સરકારમાં, શાળા શિક્ષણ વિભાગમાં સૌથી વધુ ૪૬૬૨ ભરતી કરવામાં આવી હતી. તેવી જ રીતે, પોલીસ વિભાગમાં ૪૩૭૪ નોકરીઓનું સર્જન થયું, સ્થાનિક સંસ્થા વિભાગના એમસીએસમાં ૩૬૦૦, મહેસૂલ વિભાગમાં ૧૦૯૧, વીજળી વિભાગમાં ૧૦૯૭, તબીબી શિક્ષણમાં ૬૯૭ અને આરોગ્ય વિભાગમાં ૫૨૦ નોકરીઓનું સર્જન થયું. આ રીતે પંજાબમાં મન સરકાર દ્વારા અત્યાર સુધીમાં ૧૭૩૧૩ યુવાનોને નોકરીઓ આપવામાં આવી છે.

પંજાબ પોલીસમાં નવા ભરતી થયેલા ૪,૩૫૮ કોન્સ્ટેબલોને નિમણૂક પત્રો આપતાં મુખ્યમંત્રીએ કહ્યું કે, અમે કાર્યભાર સંભાળ્યાના માત્ર પાંચ મહિનામાં હજારો ખાલી જગ્યાઓ ભરી દીધી છે.

તેમણે કહ્યું કે અમારી સરકારે સમગ્ર ભરતી પ્રક્રિયા પારદર્શક અને ન્યાયી રીતે હાથ ધરી છે.

માને કહ્યું કે પોલીસ વિભાગમાં ૫,૭૩૯ વધુ જગ્યાઓ ભરવા માટે ટૂંક સમયમાં ભરતી શરૂ કરવામાં આવશે. તેમણે કહ્યું કે અમારી સરકાર યુવાનોને અન્ય વિભાગોમાં પણ નોકરી આપશે. આ માટે માસ્ટર પ્લાન તૈયાર કરવામાં આવી રહ્યો છે. મુખ્યમંત્રીએ કહ્યું કે અમારી સરકાર નોકરીઓને પ્રાથમિકતા ગણીને ચાલી રહી છે. કાચા કર્મચારીઓ અંગે સમિતિ દ્વારા મંથન ચાલી રહ્યું છે.

મુખ્યમંત્રી ભગવંત માન પંજાબમાં હજારો કાચા કામદારોને કન્ફર્મ કરાવવાનો પ્રયાસ કરી રહ્યા છે.

શિક્ષક દિન નિમિત્તે તેમણે ૩ મોટી જાહેરાતો કરી. અન્ય વિભાગોના કાચા સ્ટાફની પણ ખાતરી કરવાની ખાતરી આપી છે. છેલ્લા પાંચ મહિનામાં, આમ આદમી પાર્ટીની સરકારે સરકારી નોકરીઓ માટે ૧૭,૩૧૩ યુવાનોને નિમણૂક પત્રો આપ્યા છે.

તેમણે કહ્યું કે મુખ્યમંત્રી ભગવંત માનની આગેવાની હેઠળની આમ આદમી પાર્ટીની સરકારે અત્યાર સુધીમાં ૪૮ વિભાગોમાં ભરતી કરી છે. સરકારે પણ કાચા કામદારોની ખાતરી કરવાનું શરૂ કર્યું છે. રાજયમાં શિક્ષકોની ખાતરી કરવામાં આવશે.

## યુવકની મોબાઈલ ટાવર પરથી નીચે કૂદીને આત્મહત્યા, જાળી પાથરી તો બીજી બાજુ કૂદી ગયો

અમદાવાદ,તા.૧૦

આજે ૧૦ સપ્ટેમ્બર આત્મહત્યા નિવારણ દિવસ છે, ત્યારે જ અમદાવાદમાં ચોંકાવનારા કિસ્સો બન્યો છે. અમદાવાદના કાંકરિયા ઈકો ક્લબ પાસેના મોબાઈલ ટાવર પર ચઢીને અજાણ્યા યુવકે નીચે પડતું મુક્યુ હતું. પોલીસ અને ફાયર વિભાગની ટીમે તેને સમજાવટથી નીચે ઉતારવાનો પ્રયાસ કર્યો હતો. તેના માટે નીચે જાળી પણ પાથરી હતી. છતાં યુવકે નીચે પડતુ મૂકીને મોત વ્હાલુ કર્યુ. હાલ પોલીસે આ યુવક કોણ છે અને ક્યાંનો રહેવાસી છે તે તે દિશામાં તપાસ શરૂ કરી છે.

અમદાવાદમાં અજાણ્યા ચાલીસેક વર્ષના યુવાકે ટાવર પરથી નીચે પડતું મૂકીને મોત વ્હાલુ કર્યુ છે. બન્યું એમ હતું કે, કાંકરિયા લેકના ગેટ નંબર ત્રણ પાસે એક મોબાઈલ ટાવર આવેલો છે. ત્યારે એક યુવક આ મોબાઈલ ટાવર પર આત્મહત્યા કરવા માટે કૂદી પડ્યો હતો. આ જોઈને લોકોના ટોળા એકઠા થયા હતા. તાત્કાલિક પોલીસને જાણ કરાઈ હતી. જેથી ફાયર વિભાગની ટીમ પણ રેસ્ક્યૂ કરવા પહોંચી ગઈ હતી. મોબાઈલ ટાવરની નીચે અનેક લોકોએ ચીચીયારીઓ પાડી, બૂમો પાડીને નીચે ઉતારવા માટે તેને કહ્યુ હતું. પરંતુ યુવક નીચે ન ઉતરા અંતે પોલીસ અને ફાયર વિભાગને બોલાવવામાં આવ્યા હતા.

મોબાઈલ ટાવરની આસપાસ નેટ લગાવીને યુવક જો કૂદે તો તેને બચાવવા માટે પ્રયાસ કરવાની તૈયારીઓ કરી હતી, પણ યુવક નીચે ઊતરવાનું નામ લઈ રહ્યો હતો અને આ તમાશો કલાકો સુધી ચાલ્યો હતો. આખરે યુવક જયાં જાળી લગાવી હતી તેની પાછળની બાજુ કૂદી ગયો હતો. આટલી ઊંચેથી નીચે પટકાયા બાદ યુવક ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હતો. તેને તાત્કાલિક હોસ્પિટલ લઈ જવાયો હતો, જ્યાં તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો. હાલ તેની ઓળખ કરવા માટે પ્રયાસ હાથ ધરવામાં આવી રહ્યા છે.

હિન્દી ફિલ્મની સ્ટાઈલથી યુવક મોબાઈલ ટાવર પર ચઢી ગયો હતો, અને ભરબપોરે ધમાલ મચાવી હતી. ત્યારે આ ઘટનાનો વીડિયો સ્થાનિકોએ પોતાના મોબાઈલ પર ઉતાર્યો હતો.